
ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૬-૨૦૧૪, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી....

### કાયદા કાનૂન પ્રજા માટે જ; રાજકારણીઓની જમાતને અડે કે આભડે!

કહેવાતી સૌથી મોટી લોકશાહીમાં કાયદાકાનૂન જાણે રાંકડી પ્રજા માટે જ બનાવાયા હોય એમ નથી લાગતું? જિંદગીભરની પરસેવાની કમાણી ખરચી માથા પર છાપરાની જોગવાઈ કરનારા 'કૅમ્પાકોલા' ફલૅટવાળાં દુખિયારાં લોકો સાથે બિલ્ડરો છેતરપિંડી કરે છે અને એમને ઘરબાર વગરનાં કરી મૂકે છે. બિલ્ડરો આવાં હાઈ રાઈઝ પરવાનગી વગરનાં બિલ્ડિંગો રાજકારણીઓની રહેમનજર હેઠળ જ બાંધે છે તે કોણે નથી જાણતું? છાશવારે બનતી ઘટનાઓ પરત્વે રાજકારણીઓ બેફામ વાણી વિકાસ કરતા ફરે છે અને લોકશાહીની ઈજ્જત લૂંટતા રહે છે. મહારાષ્ટ્રના ગૃહમંત્રી આર.આર. પાટિલે બળાત્કાર વિશે કરેલું ફાંકડું નિવેદન જુઓ કે મધ્યપ્રદેશના ગૃહપ્રધાન બાબુલાલ ગૌડનો એ જ વિષય પરનો વાણીવિલાસ વાંચો. ઉત્તરભારતના એક મંત્રીશ્રી કહે છે બળાત્કાર કોઈ જાણીજોઈને થોડું કરે છે? એ તો અજાણતાં જ થઈ જતો હોય છે! આ મહાશય બિહારના ગૃહમંત્રી છે. ત્રીજા મોરચાના નેજા હેઠળ વડાપ્રધાનપદનાં સપનાં જોનારા ઉત્તરપ્રદેશના વરિષ્ઠ નેતા મુલાયમસિંહે યુપીએ સરકાર દ્વારા દામિનીકાંડના પગલે બળાત્કારીઓ વિરુદ્ધ કડકમાં કડક પગલાં ભરવાની પ્રજાકીય માગણીને વશ થઈ કરેલ કાનૂની સુધારાને પડકારતાં કહ્યું હતું કે, બળાત્કાર માટે ફાંસીની સજા? શું આવી સજા બરાબર ગણાય? છોકરાં છે, રમતરમતમાં ભૂલ કરી બેસે, એટલે એમને ફાંસી આપી દેવાની? અમે સત્તામાં આવીશું તો આ કાયદો બદલી નાખીશું. આવાં તો અનેક ઉદાહરણ આપણી નજર સમક્ષ તરવરી ઊઠે છે. નેતાઓ છે, તેથી એમને કંઈપણ બોલવાની છૂટ હોય એમ એ ઝીંકયે રાખે છે. આર.આર. પાટિલે તો હાથ જ ઊંચા કરી દીધા. 'ઘર દીઠ પોલીસ મૂકીએ તો પણ 'રૅપ' અટકાવી શકાય એમ નથી, કારણ કે રૅપ કરનારા મોટેભાગે ઘરના જ માણસો હોય છે'- એ મતલબનું વિધાન કરનારા રાજનેતાને પણ પ્રજાએ સહન કરવા પડે તે કેવું! અશોક ચવ્હાણ અને વિલાસરાવ દેશમુખે મુખ્યમંત્રી પદે રહી પોતાના અને સગાં વહાલાંના નામે સૈનિકો માટેના ફલૅટોમાં ભાગબટાઈ કર્યાનું પુરવાર પણ થયું. મોઢું છુપાવવા પૂરતું અને અદાલતના માન ખાતર અશોક ચવ્હાણને મુખ્યમંત્રી પદ છોડવું પડ્યું હતું. પરંતુ ચૂંટણીમાં કોંગ્રેસ અશોક ચવ્હાણને બેધડક એના લોકસભાના ઉમેદવાર બનાવી દીધા હતા. આવા ખરડાયેલા, ભ્રષ્ટ નેતાઓ સામે સુપ્રીમ કોર્ટે લાલ આંખ કરીને એમને ચૂંટણી લડતાં અટકાવવાનો પ્રયાસ કર્યો ત્યારે તમામ રાજકીય પક્ષોના પગનીચે રેલો આવતો હોઈ તાબડતોબ બધા ભેગા થઈ ગયા અને કેન્દ્ર સરકારે સર્વ સંમતિથી આવા ભ્રષ્ટ રાજકારણીઓને છાવરતો વટહુકમ જારી કરી દીધો હતો, જેને આદર્શઘેલા રાહુલ ગાંધીએ 'બકવાસ' કહી કચરાટોપલી ભેગો કરવાનું નિવેદન કરી વાહવાહ જીતી લેવાનો પ્રયાસ કરેલો. આ જ મુદ્દે કહેવાતી 'પાર્ટી વિથ ડિફરંસ'ના નેતાઓ અને ખુદ વર્તમાન વડાપ્રધાને રાહુલ ગાંધીએ દેશના વડાપ્રધાનનું અપમાન કર્યું હોવાની બુમરાણ મચાવી હતી, અને કોંગ્રેસ શાસનમાં વડાપ્રધાન મનમોહનસિંહની દયાજનક સ્થિતિ વર્ણવીને તાળીઓ મેળવી હતી! પ્રજાનો સામાન્ય નાગરિક આમ આદમી જાહેર રસ્તા પર ભૂલથી લાલ લાઈટ ઓળંગી બેસે તો એની સામે તાબતોબ પગલાં લેવાય છે. તલાટી જેવો નાનો કર્મચારી એન્ટ્રી પાડવાના ચા-પાણીના પૈસા માગે તો એને સસ્પેન્ડ કરી દેવાય છે. ત્રીજા વર્ગના પોલીસ અધિકારીને એસીબીના છટકામાં ફસાવી એની કારકિર્દી પર પ્રશ્નાર્થ લગાવી દેવાય છે, પરંતુ લાખો-કરોડોના ગોટાળા કરનારા રાજકારણીઓ ગમે તેવા જઘન્ય અપરાધ આચરે તો પણ એમની સામે વખત પૂરતી અને દેખાવ પૂરતી કાર્યવાહી ચલાવી આખો કેસ અભરાઈએ ચડાવી દેવાય છે. સીવીસી અને લોકાયુક્ત પણ આખરે સરકારની જ ગોઠવેલી વ્યવસ્થા હોઈ થાબડભાણાં થતાં રહે છે. ભ્રષ્ટ નેતાઓ સામે કાનૂન પાંગળો બની જાય છે. કારણ કે નીચલી અદાલતમાં સજા થયા પછી પણ ઉપરની અદાલતમાં અપીલનો વિકલ્પ ખુલ્લો જ હોય છે. તેથી કોર્ટે સજા ફરમાવી હોય એવા રાજકારણીઓ આરામથી મંત્રીપદાં ભોગવતાં રહે છે. પોતાની વિરુદ્ધના પુરાવા નાશ કરવાની જે સગવડ રાજકારણીઓને છે, તે સામાન્ય પ્રજાને થોડી હોય? અદાલત ગમે તેટલી સક્રિયતા દાખવે છતાં સરકાર જો અમલ જ ન કરે તો અદાલતનો કડકમાં કડક આદેશ નિરર્થક બની રહે છે.





### ઈન્ફોસીટી સ્કુલમાં નવા વર્ષનો આરંભ

ઈન્ફોસીટી જુનિયર સાયંસ કોલેજમાં તારીખ ૧૨-૬-૧૪ને ગુરૂવારે નવા વિદ્યાર્થીઓના પ્રવેશ સાથે ભવ્ય રીતે ''પ્રવેશોત્સવ'' ની ઉજવણી થઈ હતી. પ્રાર્થનાથી શુભારંભ કરી શાળાના ડાયરેકટર શ્રી શૈલેષભાઈ પંડ્યાએ નવા વિદ્યાર્થીઓનું શાબ્દિક સ્વાગત કરી શાળાની શિસ્ત અને પ્રણાલિકાઓમાં ગોઠવાઈ જવા સલાહ આપી હતી. આચાર્ય ડૉ. પ્રદીપભાઈ ગગલાણીએ શાળાની અભ્યાસ સિસ્ટમ, પરીક્ષા સેમેસ્ટર અને વિષયોને લગતી માહિતી આપી વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યું હતું. શિક્ષકો સર્વશ્રી દિપકસિંગ રાજપુત, સુશ્રી સ્વાતિબેન દવે, ડાયરેકટર ડૉ. પાઠક સાહેબ વગેરે એ પણ નવા વિદ્યાર્થીઓને શુભેચ્છા સાથે સ્વાગત કરી શાળામાં આવકાર્યા હતા. સમગ્ર ગુજરાત રાજ્યમાં ચાલુ વર્ષે ૪થા સેમિસ્ટરમાં પ્રથમ નંબરે આવી ૯૯.૯૯ પર્સન્ટાઈલ પ્રાપ્ત કરનાર પૂર્વ વિદ્યાર્થી આશિષ જૈને ''જુનિયર્સ'' ને અભિનંદન આપી ઉજળા ભાવિ વિશે ઉપયોગી ટિપ્સ આપી હતી. શાળાના શિક્ષક ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં યોજાયેલા સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી તુષારકુમારે કર્યું હતું. અંતમાં વર્ગ શિક્ષકોએ દરેક વિદ્યાર્થીને ગુલાબનું ફુલ આપી સાકર વડે મોં મીઠું કરાવી વર્ગમાં પ્રવેશ કરાવ્યો હતો. સંસ્કૃત શ્લોકોની સુરાવલિઓ વચ્ચે સમગ્ર કાર્યક્રમ ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધારનારો બની રહ્યો હતો.

# કુડાસણ પ્રાથમિક શાળા આજથી સ્માર્ટ સ્કૂલ બનશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં કુડાસણ પ્રાથમિક અને ઉચ્ચત્તર પ્રાથમિક શાળા આજથી સ્માર્ટ સ્કૂલ બનશે. આ માટે ગુરૂજી ઓન લાઈન સોફ્ટવેર શાળામાં વસાવવામાં આવ્યું છે.

નવ વર્ગખંડ ધરાવતી આ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ નિમિત્તે આજે કેન્દ્રના રાજ્ય શિક્ષણમંત્રી સ્મૃતિ ઈરાનીજી આવી રહ્યા છે. તેમની વિશેષ ઉપસ્થિતિમાં આ સોફ્ટવેરનું લોકાર્પણ કરવામાં આવશે.

કેન્દ્રીય મંત્રીશ્રીના આગમનને લઈ ગ્રામજનોમાં ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. ગ્રામજનોએ ગામની સફાઈ કરી છે એટલું જ નહિ પ્રાથમિક શાળા સંકુલને સજાવી છે.

ગામના યુવા સરપંચ શ્રી કાળાજી ઠાકોર, તાલુકા પંચાયત સદસ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલ, ભાજપ યુવા મોરચાના અગ્રણીશ્રી નિલેશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ તેમજ અન્ય આગેવાનો ગામના આંગણે પધારી રહેલા મહાનુભાવોના સ્વાગત માટે તૈયારીમાં લાગ્યા છે.

ગામમાં શાળા પ્રવેશોત્સવને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. સ્માર્ટ સ્કૂલ માટે નવે વર્ગખંડોમાં એલ.ઈ.ડી. ટી.વી. લગાવી દેવામાં આવ્યા છે. તેમજ તેનું પ્રયોગાત્મક પરીક્ષણ પણ આજે પૂર્ણ કરી દેવામાં આવ્યું છે.

ગામના તલાટી શ્રી રામદાન ગઢવીએ જણાવ્યું હતું કે ગામના આંગણે ગામના બાળકોને આ તદ્દન આધુનિક સુવિધાથી શિક્ષણ મળવાનુ હોવાથી લોકોમાં ભારે ઉત્સાહ છે.

ગામના સરપંચશ્રી કાળાજી ઠાકોર તથા તા.પં. સદસ્ય શ્રી રાજેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે શિક્ષણ ક્ષેત્રે ગામનો વિકાસ વધુ વેગીલો બનશે.

## બાજ ખેડાવાળ મંડળ સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માનશે

ગાંધીનગર, તા.૧૨

શ્રી બાજ ખેડાવાળ મંડળ દ્વારા ગાંધીનગરમાં રહેતા જ્ઞાતિજનોના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓનું સન્માન કરશે. તા. ૬ જુલાઈ રવિવાર સાંજે ૫-૦૦ વાગે સેકટર-૧૬ બાલાજી મંદિર ખાતે કાર્યક્રમ યોજાશે. જેમાં બાજખેડાવાળ મંડળ વર્ષ ૨૦૧૩-૧૪માં પ્રથમ ત્રણ નંબરે રહેલ વિદ્યાર્થીઓને પુરસ્કાર અને પ્રમાણપત્ર આપી સન્માનશે. મંડળ નર્સરીથી કેજીના તમામ બાળકો, ધોરણ ૧ થી ૧૨ના પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓએને કોલેજના છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓને પુરસ્કાર અર્પણ કરશે. જે વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું છે. તેમની માર્કશીટ તા. ૨૮ જૂન સુધી પ્રમુખ કિરણભાઈ પંડયાને પહોંચતી કરવી તેમજ કાર્યક્રમમાં ભોજન પેટે રૂ. ૫૦ લેવામાં આવશે.

## વડનગરા નાગર વિદ્યાર્થી જોગ

શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ દ્વારા વડનગરા નાગર સમાજના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ચાલુ વર્ષે એસ.એસ.સી. પછીના તમામ અભ્યાસક્રમમાં ૬૦ ટકાથી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓને મંડળ દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓએ ૬૦ ટકાથી વધુ માર્કસ મેળવ્યા છે તેમણે શ્રી વડનગરા નાગર મંડળ મુંબઈ-એ-૫૮ પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટ રોડ મુંબઈનો સંપર્ક કરવો.

## મેવા દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાશે

માર્ચ-૨૦૧૪માં લેવાયેલ પરીક્ષામાં સફળ થયેલ વિદ્યાર્થીઓનું મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેટ એસોસીએશન દ્વારા સન્માન કરવામાં આવનાર છે. ગાંધીનગર તેમજ ગુડા વિસ્તારના સમાવેશ ગામોના મુસ્લિમ સમાજના વિદ્યાર્થીઓએ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૦ ટકા કે તેથી વધુ, સામાન્ય પ્રવાહમાં ૬૫ ટકા કે તેથી વધુ, ધોરણ ૧૦ની પરીક્ષામાં ૭૫થી વધુ માર્ક મેળવનાર તમામ ફેકલ્ટીના સ્નાતક-અનુસ્નાતકમાં સફળ થયેલ વિદ્યાર્થીઓએ એમ.કે. સાબુવાલા, પ્લોટ ૭૬૧/૧, સે-૭/બી પહોંચાડવી.

# ચૌધરી કોલેજમાં પ્રવેશ માટે નવો ગેટ ખુલ્લો મુકાતા વિવાદ

### સે-૭માં રહેણાંક વિસ્તાર નજીક ઘોંઘાટ થતા રહીશોમાં આક્રોશ : મહીલાઓએ ધરણા કર્યા : લડત ચાલુ રખાશે

ગાંધીનગર, તા.૧૨

સે-૭ ચૌધરી કોલેજના સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓના પ્રવેશ માટે રહણાંક વિસ્તાર નજીક નવો ગેટ ખુલ્લો મુકાતા સ્થાનિક રહીશોમાં આક્રોશ પ્રવર્ત્યો છે. રહેણાંક વિસ્તારને અડીને જ રોજબરોજ ઘોંઘાટ પ્રવર્તતા આજે સવારે સેકટરના સ્થાનિક રહીશોએ ધરણા પર બેસી આ ગેટ બંધ કરી દેવા પ્રબળ માંગ કરી છે. આ પ્રશ્નોનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી રહીશો આ લડત ચાલુ રાખશે તેમ પણ જણાવાયું છે.

શહેરના મધ્ય વિસ્તારમાં સે-૭ સ્થિત ચૌધરી શાળા અને કોલેજમાં ચાલતા શૈક્ષણિક કાર્યના લીધે રોજબરોજ આ વિસ્તારમાં વિશેષ ધમધમાટ જોવા મળે છે. પરંતુ ચૌધરી કોલેજના સંચાલકો દ્વારા છેલ્લા કેટલાક સમયથી રહેણાંક વિસ્તાર પાસે નવો ગેટ ઉભો કરી દેવાતા સ્થાનિક રહીશોનું મોં વંકાયું છે. સેકટરમાં સ્થિત રહેણાંકો પાસે અડીને જ કોલેજમાં પ્રવેશવાનો ગેટ ખુલ્લો મુકી દેવાતા સેકટરવાસીઓમાં આક્રોશ પ્રવર્ત્યો છે. આ મામલે અગાઉ સ્થાનિક અગ્રણીઓ દ્વારા કલેકટર તેમજ દબાણ મામલતદારને રજૂઆત કરવામાં આવી હતી. આમ છતાં



કોઈ પગલા ન લેવાતા આજે સવારથી જ મહીલાઓ ઉપરાંત સ્થાનિક અગ્રણીઓએ આ મામલે અહિંસક રાહે લડત શરૂ કરી દીધી છે. સેકટરની મહીલાઓ સવારથી જ કોલેજના ગેટ પાસે ધરણા પર બેસી ગઈ હતી. આ અંગે સેકટરના જાગૃત નાગરિકોના જણાવ્યા મુજબ પીટીસી કોલેજ બંધ થતા કોલેજના આ બિલ્ડીંગમાં ૧ થી ૭ના વર્ગો શરુ કરી દેવાયા છે. જયારે રહેણાંક વિસ્તાર નજીક જ ગેટ ખુલ્લો મુકી દેવાતા સવારથી જ અસહ્ય ઘોંઘાટ પ્રવર્તે છે. સંસ્થા દ્વારા મેઈનગેટ પરથી વિદ્યાર્થીઓને એન્ટ્રી આપવી જોઈએ અથવા બગીચા સાઈડમાંથી પણ પ્રવેશની વ્યવસ્થા ઉભી થઈ શકે તેમ છે. આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે ત્યાં સુધી સેકટરવાસીઓ દ્વારા ધરણાનો કાર્યક્રમ ચાલુ રાખી લડત આપવામાં આવશે.

# ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવનો ઉલ્લાસપૂર્વક પ્રારંભ

● **કરાઈ ખાતે શ્રીનિવાસ**

તંદુરસ્ત સમાજના નિર્માણ માટે -નથમિક શિક્ષણ મહત્વની ભૂમિકા અદા કરે છે, તેવું આજરોજ કરાઈ ખાતે યોજાયેલા શાળા -વેશોત્સવમાં સામાન્ય



વહીવટ વિભાગના અગ્ર સચિવ શ્રી શ્રીનિવાસ કટિકીટબાલાએ જણાવ્યું હતું. અગ્ર સચિવ શ્રી શ્રીનિવાસ કટિકીટબાલાએ વધુમાં જણાવ્યું હતું કે, આજે મેં ગાંધીનગર તાલુકાના ગણપતપુરા, પીરોજપુરા અને કરાઈ ગામની -નથમિક શાળાના બાળકોની -વેશવિધી સંપન્ન કરાવી છે. મને આ તમામ ગામમાં શિક્ષણ અંગેની જાગૃતિ જોઈ આનંદ થયો છે. દેશના વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી રાજયના મુખ્ય મંત્રી તરીકે શાસનધુરા સંભાળતા હતા, ત્યારે શિક્ષણ અંગેની લોક જાગૃતિ કેળવાય અને ડ્રોપ આઉટ રેસીયો ઘટાડવા રાજયમાં શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો હતો. આજે રાજયમાં એક દાયકા સુધી અવરિત ચાલેલા આ કાર્યક્રમ થકી દરેક સમાજમાં શિક્ષણ અંગેની લોક જાગૃતિ આવી છે.

આજરોજ સામાન્ય વહીવટ વિભાગના અગ્ર સચિવ શ્રી શ્રીનિવાસ કટિકીટબાલાના હસ્તે કરાઈ ગામની -નથમિક શાળામાં ધોરણ - ૧માં ૪ કુમાર અને ૪ કન્યા મળી ૮ બાળકોને અને આંગણવાડીમાં ૬ ભુલકાઓને ચંદન તિલક કરીને દફતરની કિટૂસ અને રમકડાં આપી -વેશવિધી સંપન્ન કરાવી હતી. શ્રી કટિકીટબાલાના હસ્તે ધોરણ-૧ થી ૭ના કલાસમાં -થમ, દ્વિતીય અને તૃતીય નંબર આવનાર વિદ્યાર્થીઓનું નોટબુક, કંપાસ અને પેન આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ -સંગે ગાંધીનગર જિલ્લા શિક્ષણાધિકારી શ્રી એસ.એમ.બારડ, સી.આર.સી શ્રી મેઘરાજભાઈ રબારી અને -તિભાબેન પટેલ, એસ.એમ.સીના અધ્યક્ષ શ્રી ભરતભાઈ ઠાકોર સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહયાં હતાં.

● **પોર-અંબાપુર ગામે પ્રવેશોત્સવમાં ડો. અઢિયા**

ગાંધીનગર તાલુકાના પોર અને અંબાપુર ગામ ખાતે શાળા -વેશોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. પોર ગામની -નથમિક શાળાના ધોરણ-૧ અને આંગણવાડીના બાળકોની -વેશવિધી ગુજરાત રાજયના નાણાં વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયાના હસ્તે સંપન્ન કરવામાં આવી હતી. આ -સંગે અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયાએ જણાવ્યું હતું કે, દરેક શિક્ષક કર્મયોગીની ભાવના રાખીને પોતાનું કર્તવ્ય બજાવશે, તો સરકારી શાળામાં અભ્યાસ કરતા બાળકોને પણ ખાનગી શાળાનું વાતાવરણ મળી રહેશે. તેનાથી બાળકોના અભ્યાસમાં જરૂર ફરક પડશે. તેમણે શાળા -વેશોત્સવના કાર્યક્રમમાં વાલીઓની પાંખી હાજરીની નારાજગી વ્યક્ત કરી કહ્યું હતું કે, દરેક વાલીએ પોતાનું બાળક તેના જીવનનું ઘડતર કરવાની કેડી પર ચાલવા જઈ રહ્યું છે, ત્યારે અવશ્ય હાજર રહેવું જોઈએ. જેનાથી બાળકને હુફ મળશે અને આ કાર્યક્રમ પાછળનો ઉમદા આશય સિધ્ધ થશે.

આ -સંગે અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. હસમુખ અઢિયાના હસ્તે



શાળાના ધોરણ-૧ થી ૮ના કલાસમાં -થમ, દ્વિતીય અને તૃતીય નંબર -નપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના એક વિદ્યાર્થી અને વિદ્યાર્થીની દ્વારા અમૃત વચન બોલવામાં આવ્યું હતું. તેઓશ્રીના હસ્તે શાળાના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. શાળાની એસ.એમ.સી કમિટીના સભ્યો સાથે બેઠક પણ કરી હતી. આ -સંગે ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી.મોદી, જિલ્લા આંકડા અધિકારી શ્રી એન.જી.પટેલ, સી.આર.સી ભરત ગોહેલ, શાળાના આચાર્ય શ્રી વિભૂતી શુકલા સહિત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહયાં હતા.

● **મેદરા ગામે પ્રવેશોત્સવમાં સંગીતા સિંઘની ઉપસ્થિતિ**

ગાંધીનગર તાલુકાના મેદરા, વીરા તલાવડી, નવાપુરા અને વાંકાનેરડા ગામ ખાતે શાળા -વેશોત્સવના -થમ દિવસે શિક્ષણ વિભાગના અગ્ર સચિવ શ્રી સંગીતા સિંગે આંગણવાડી, ધોરણ - ૧ અને ૯ના બાળકોને ચંદન તિલક કરી શિક્ષણની, રમકડાંની અને અન્ય કિટૂસ આપી -વેશવિધી પૂર્ણ કરાવી હતી. મેદરા ગામમાં યોજાયેલા શાળા -વેશોત્સવ કાર્યક્રમમાં અગ્ર સચિવ શ્રી સંગીતા સિંગે જણાવ્યું હતું કે, ગામનો કોઈ પણ બાળક



શિક્ષણના અધિકારથી વંચિત ન રહી જાય તે જોવાનું કામ માત્ર ગામની શાળાના શિક્ષકોનું જ નથી, પણ ગામના અગ્રણીઓ અને સ્વાયત્ત સંસ્થાઓનું પણ છે.તેમજ શાળામાં અધુરા અભ્યાસથી બાળક ઉઠી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવા વાલીઓને અને ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. કૃષિ સહિત વેપાર-ધંધામાં શિક્ષણનું મહત્વ કેટલું છે, તેની સરળ દષ્ટાંત આપી વાત કરી હતી.શાળા -વેશોત્સવ થકી આજે રાજયનો ડ્રોપ આઉટ રેસીયો ૨ ટકા આવી ગયો છે, પણ આપના ગામમાં ડ્રોપ આઉટ રેસીયો શૂન્ય છે. તે વાત આનંદની છે.

આ -સંગે શાળાના બાળકો દ્વારા ધોરણ-૧માં -વેશ પામતા બાળકોને તાલીઓથી વધાવી મીઠો આવકાર આપ્યો હતો. શાળાના વિદ્યાર્થી દ્વારા બેટી બચાવો અને વિદ્યાર્થીની દ્વારા સ્વામી વિવેકાનંદ પર અમૃત વચન બોલવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશા શર્મા, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી અમૃત કે. પટેલ, -નથમિક શાળાના આચાર્ય શ્રી રમેશ તિવારી, ગામના મહિલા સરપંચ શ્રી સુરેખાબેન પરમાર, બી.આર.સી શ્રી વિષ્ણુભાઈ નાયી સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

● **પીંડારડાના પ્રવેશોત્સવમાં શિક્ષણ કમિશનર જયંતિ રવિ**

સમગ્ર રાજયમાં આજથી શરૂ થયેલા કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવના -થમ દિવસે ગાંધીનગર તાલુકાના પીંડારડા, ઉનાવા, વાસણ અને રાંધેજા ગામે ટેકનિકલ શિક્ષણ કમિશનર શ્રીમતી ડૉ. જયંતિ રવિના હસ્તે આંગણવાડી અને ધોરણ-૧માં -વેશ પામતાં બાળકોને -વેશવિધિ સંપન્ન કરાઈ હતી. પીંડારડા ખાતે આંગણવાડીમાં ૨૧ ભૂલકાં અને ધોરણ-૧માં કુમાર-૯ અને કન્યા - ૧૦ મળી કુલ- ૧૯ બાળકોનો -વેશવિધિ સંપન્ન થયો હતો. -વેશ પામતા બાળકોને ચંદન તિલક, પુષ્પ, ચોકલેટ, કંપાસ આપી -નેત્સાહિત કરાયાં હતાં. તેઓશ્રીના હસ્તે શાળા સહયોગી દાતાશ્રીઓ, ધોરણ-૩ થી ૮નાં તેજસ્વી વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય શ્રી ભારતીબેન પટેલ, સરપંચ શ્રીમતી જયોતિબા વાઘેલા, ગામના અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહયાં હતાં. આ -સંગે જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના શ્રી ઉર્મિલાબેન પંચાલ, સીઆરસી વિનોદ સોલંકી, ગામના સરપંચ, સ્કુલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો, વાલીઓ, શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.કાર્યક્રમનું સંચાલન શાળાની બાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે શાળામાં વૃક્ષારોપણ પણ કરાયું હતું.

● **રંગપુરની સીસી ટી.વી.થી સજ્જ શાળાથી સચિવ હૈદર પ્રભાવિત થયા**

શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો ગાંધીનગર જિલ્લાના વિવિધ ગામોમાં ઉત્સાહના વાતાવરણમાં આજથી -નરંભ થયો છે.આજરોજ સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રી એસ. જે. હૈદરના હસ્તે માણસા તાલુકાના રંગપુર, ગોકુળનગર(ગુનમા), હિંમતપુરા, લાકરોડા અને હનુમાનપુરા ગામોની -નથમિક શાળામાં આંગણવાડી તથા ધોરણ-૧માં -વેશતાં બાળકોની -વેશવિધિ સંપન્ન થઈ હતી.

સચિવ શ્રી એસ. જે. હૈદરએ બાળકોને ચંદન તિલક, પોષ્ટિક ચોકલેટ, રમકડા કિટ, દફ્તર કીટ આપી -વેશ કરાવતાં જણાવ્યું હતું કે, કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશાત્સવ એ ખૂબ અગત્યનો, રાષ્ટ્ર નિર્માણનો કાર્યક્રમ છે. કોઈ પણ સમાજ માટે -નથમિક શિક્ષણ અને આરોગ્ય એ બે બાબત અત્યત -નથમિક જરૂરિયાતની મહત્વની બાબત હોય છે. રાજય સરકારે આ



બન્ને વિષયોને અગ્રતા આપીને વિવિધ યોજનાઓ સફળ રીતે અમલી બનાવી છે. -તિભા દરેક બાળકમાં હોય છે, એને ખીલવવાની જરૂર હોય છે. દીકરા-દીકરીઓને સમાન તક મળે તો સમાજનો સ્વસ્થ વિકાસ થતો હોય છે. કોઈ પણ બાળક કુપોષણથી પીડિત ન રહે તેની જવાબદારી સમાજના તમામ વર્ગની છે.વાલીઓ-શિક્ષકોએ જાગૃત બની આ દિશામાં કાર્ય કરવું જોઈએ.